ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૫/૨૩-૨૪/ 1498 તારીખ : 09 NOV 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી રાધેક્રિષ્ના ઓઈલ ઈન્ડ.
સ.નં-૫૧૦ પૈકી ૩/૧,
રલીયાના રોડ, ગઢડા(સ્વામી)
મું. ગઢડા(સ્વામી.)
જી.બોટાદ-૩૬૪ ૭૫૦

કેસ નં.૫૫/૨૩-૨૪

**મો.નં- ૯૪૨૮૪ ૧૭૫૯૧**

**વિષય : લેબ રીપોર્ટ મુજબના યુનિટ જમા આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૧૦/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૧/૧૦/૨૦૨૩
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૩-૨૪/૧૪૧૬ તા.૧૨/૧૦/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૩-૨૪/૧૪૩૯ તા.૧૯/૧૦/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૧/૧૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી, ગઢડા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી, ગઢડા.**

Consumer Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૫/૨૩–૨૪** ☜

વાદી :– **મે.રાધેક્રિષ્ના ઓઈલ ઈન્ડ.**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૦૧/૧૧/૨૦૨૩** ◈

**વાદી :– શ્રી ચાવડા જયરાજભાઈ વજુભાઈ (વાદી ના પાર્ટનર)**

**પ્રતિવાદી :– શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.રાધેક્રિષ્ના ઓઈલ ઈન્ડ., મું.ગઢડા, તા.જી.બોટાદની લેબ રીપોર્ટ મુજબના યુનિટ જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૫/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૫/૨૩–૨૪/૧૪૧૬ તા.૧૨/૧૦/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૧/૧૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.રાધેક્રિષ્ના ઓઈલ ઈન્ડ. વતી તેમના પાર્ટનર શ્રી ચાવડા જયરાજભાઈ વજુભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, શ્રી જયરાજભાઈ વજુભાઈ ચાવડા, મું.ગઢડા (સ્વામી), તા.ગઢડા દ્વારા તા. ૨૨.૦૮.૨૦૨૩ નાં રોજ અમારી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ મે.રાધેક્રિષ્ના ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, ગ્રાહક નં. ૬૦૧૦૧૪૨૩૦૪૭ માં એવરેજ બીલ ની રકમ જમા આપવા બાબતની રજુઆત કરેલ છે.

૧.૨ સદર બાબતે ડિસ્પ્લે બંધ થઈ જવાના કારણથી ફેબ્રુઆરી–૨૦૨૩ અને માર્ચ–૨૦૨૩ એમ બે મહિના એવરેજ બીલ આપવામાં આવેલ છે. પરંતુ, આ સમય દરમિયાન અમોનું મિલ બંધ રહેતુ હોય જેથી લેબોરેટરીમાં કરેલ રીપોર્ટમાં આવેલ યુનિટ બાદ કરતા અમોને પરત મળવાપાત્ર યુનિટ જમા આપવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ મે.રાધેક્રિષ્ના ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ના નામે ગઢડા પેટા વિભાગીય કચેરી–૨ માં ઔધોગીક વિજ જોડાણ આવેલ છે. જેનો ગ્રાહક નં.૬૦૧૦૧૪૨૩૦૪૭ છે અને તે ૭૪ કી.વો. નું એલટીએમડી કનેકશન આવેલ છે. સદર વીજ જોડાણ તા.૨૩.૦૧.૨૦૧૮ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે.

૨.૨ સદર ગ્રાહક ના વીજ મીટર નો ડિસ્પ્લે બંધ હોવાથી મીટર રીડર દ્વારા ફેબ્રુઆરી–૨૦૨૩ નું બીલ ફોલ્ટી તરીકે તા.૨૧.૦૨.૨૦૨૩ ના રોજ એવરેજ બીલ બનાવીને આપવામાં આવેલ છે. સદર ફોલ્ટી મીટર તા.૦૩.૦૩.૨૦૨૩ ના રોજ બદલવામાં આવેલ છે.

૨.૩ વધુમાં સદર મીટરનો એમઆરઆઈ રિપોર્ટનો અભ્યાસ કરતા, મીટરની ડિસ્પ્લે બંધ હોવાના કારણે એમઆરઆઈ રિપોર્ટમાં વીજ વપરાશ નોંધાયેલ નથી. એમઆરઆઈ રિપોર્ટ મુજબ તા.૧૭.૦૧.૨૦૨૩ સુધી મીટરમાં વીજ વપરાશની નોંધણી થયેલ છે. ત્યારબાદ, વીજ વપરાશની નોંધણી મીટરમાં થયેલ નથી. આમ, સદર મીટર ફોલ્ટી થવાથી વીજ વપરાશની નોંધણી મીટરમાં થયેલ નથી.

૨.૪ આમ, મીટર ફોલ્ટી હોવાથી, સપ્લાઈ કોડ ના સેકશન ૬.૫૮ મુજબ, સદર ગ્રાહકને આપેલ એવરેજ વીજ વપરાશ નું બીલ બરાબર જણાય છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે.રાધેક્રિષ્ના ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ૭૪ કી.વો.નું એલટીએમડી વીજ કનેકશન ગ્રા.નં. ૬૦૧૦૧/૪૨૩૦૪/૭ ધરાવે છે. જેમાં, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા મીટર ચેન્જ કર્યા અંગેનું મોટી રકમ નું બીલ મળતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદી ની અરજીની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૦૧.૧૧.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ. જેમાં, વાદી તેમજ પ્રતિવાદી નાં પ્રતિનિધિએ હાજર રહી રજુઆત કરેલ છે.

૩.૩ રૂબરૂ સુનાવણીમાં આવેલ રજુઆતો અને રેકર્ડને ધ્યાને લેતાં ફોરમ નીચે મુજબનાં તારણો પર આવે છે.

A) વાદીના મીટરનો ડીસ્પ્લે બંધ હોવાથી મીટર રીડર નાં માસ ફેબ્રુઆરીમાં ફોલ્ટી મીટર હોવાના કારણે તા.૨૧.૦૨.૨૩ ના રોજ એવરેજ બીલ આપવામાં આવેલ અને સંબંધિત મીટર તા.૦૩.૦૩.૨૦૨૩ નાં રોજ બદલવામાં આવેલ.

B) લેબ પરીક્ષણમાં મીટર બરાબર માલુમ પડેલ અને એક્યુરસી ટેસ્ટ ઓ.કે. આવેલ, આથી પ્રતિવાદી દ્વારા સપ્લાય કોડ નાં સેકશન ૬.૫૮ મુજબ એવરેજ બીલ આપવામાં આવેલ તેવી રજુઆત પ્રતિવાદીએ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

C) મીટરનાં એમ.આર.આઈ ટેસ્ટ અને અન્ય રેકર્ડને જોતાં જણાય છે કે તા.૧૨.૦૧.૨૦૨૩ થી ૧૭.૦૧.૨૦૨૩ દરમ્યાન ચાલુ હતું અને ૧૮૫૦ યુનીટ ફર્યા છે.

D) ઉપરોકત વિગતો જોતાં વાદીને આપવામાં આવેલ ફેબ્રુઆરી–૨૩ નું બીલ એવરેજ બિલ બરાબર જણાય છે. પરંતુ, માર્ચ–૨૩ નું એવરેજ બીલમાં જાન્યુંઆરી નો ૧૮૫૦ યુનીટનો વપરાશ ને ઘ્યાને લેતાં, એવરેજ બીલ ના દીવસો અને વપરાશના બીલો ના દીવસોની ગણત્રી ને ઘ્યાને લેતા ૨૪૯૩ યુનીટનું બીલ વધારે બન્યુ હોવાનું ફોરમ ને જણાય છે.

૩.૪ આથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદી ને માર્ચ–૨૩ નું આપેલ ૧૧૬૮૦ નું એવરેજ બીલ રદ કરીને ૯૧૮૭ યુનીટ નું સુધારેલ બીલ આપવું. જે વાદીએ ભરવાપાત્ર છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(ગેરહાજર)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૦૧/૧૧/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar